સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

છે પોલંપોલ ભારે, વિકાસ માત્ર નારે છે,
દઝાડી ખેડૂની, ધનિકોની આંતરડી ઠારે છે,
તારે ઉદ્યોગપતિને, આંસુ સારે મધ્યમ-વર્ગ,
પાલન કરે વચનનું કોઇ, - 'યુ ટર્ન' મારે છે..

હાઈકુ

દોડે ઇન્જિન,
મતક્ષેત્ર તરફ -
રેલ્વે-મંત્રીનું...
(સંકુચિત દૃષ્ટિ)

દોડે છે ટ્રેન
માત્ર જાહેરાતોમાં,
ગુજરાતની..
(ધીમી ગતિનો અમલ)

ચિંતન

ચતુરંગબલો રાજા જગતીં વશમાનયેત । અહં પંચાગબલોવાનોકાશં વશમાનયે ॥

જેની પાસે (૧) હાથી (૨) ઘોડા (૩) રથ અને પાયદળ જેવી ચતુરંગી સેના છે એવા રાજા તો આ જગતને વશ કરે છે. તેમ ગણક-જયોતિષી યોગ પણ પોતાના ચાર અંગ ગ્રહ-નક્ષત્ર-વાર-તિથિ દ્વારા આકાશ વગેરે ગ્રહો-ગ્રાહકોને વશ કરી શકું છું..

રાજા પાસે પોતાની ચતુરંગીણી સેના હોય તે અજેય જેવો થઇ જાય છે. અનેક દેશ પર ચઢાઇ કરી વિશ્વને વશ કરી શકે છે.

એવી રીતે જયોતિષી કહે છે મારી પાસે પણ ચતુરંગી સેના છે ગ્રહ-નક્ષત્રો-યોગકરણ-તેની સેના છે સૂર્ય-ચંદ્ર-તારાની ગતિ ચાલ પપર જયોતિષીની તિક્ષણ નજર હોય હોય છે અને તેમની ગતિની માનવજીવન પર અસરથી જયોતિષી વાકેફ હોય છે આમ સમગ્ર આકાશ-બ્રહ્માંડ પર જયોતિષીનું પ્રભુત્વ ચાલે છે.

એટલે એકંદરે જોવામાં આવે તો રાજા જેમ દેશ-દેશાવરને વશ કરી શકે છે તેમ જ જયોતિષી પણ પોતાના ગણન પદ્ધતિના કૌશલ્યથી અને ચતુરંગી સેનાથી બ્રહ્માંડને વશ કરી શકે છે.

સુવિચાર

- ગહનતાઓનો તાગ લેવો છે તારે? તો શાને બેઠો છે શાંત કિનારે? - અનામી
- માનવતાનો પહેલો પાઠ માતાનું ચુંબન છે - સંત રોબિન
- પૈસો એ હાથપગ જેવો છે, વાપરશો નહીં તો લકવાગ્રસ્ત થઇ જશે - ફોર્ક
- જે લોકો પોતાના ભૂતકાળને યાદ રાખી શકતા નથી, તેમના લલાટે ભૂતકાળનું પુનરાવર્તન જ લખાયેલું હોય છે - જનકલ્યાણ
- 'મત' રાઇફલ જેવો છે, જેની ઉપયોગિતાનો સઘળો આધાર વાપરનારના ચારિત્ર્ય પર નિર્ભર છે - રૂઝવેલ્ટ
- તમારા વિશે બધું જ જાણતો હોય છતાં તમને ચાહતો હોય તે જ તમારો સાચો મિત્ર - શાહબુદ્દીન રાઠોડ
- ફરજ જેવું પવિત્ર બીજું કાંઇ નથી અને તે શિસ્તમાંથી જન્મે છે - નેપોલિયન

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણે અધ્યાત્મ પંથે પ્રયાણ તો કરીએ છીએ પણ પ્રભુ આપણી મક્કમતા અને મનોબળની પરીક્ષા કરતા મોહ-માયા, રિદ્ધિ-સિદ્ધિની જાળ બિછાવે છે એમાં જ લગભગ લોકો ફસાઇ રસ્તો ઉતરી જાય છે માંડ ૨૫ % લોકો ધ્યેય હાંસલ કરે છે.

પાંચ બૌદ્ધ સાધુઓ દક્ષિણથી ઉત્તર તરફ મુખ્ય લામા ગુરુના દર્શને જવા નિકળ્યા..

થોડા દિવસની મુસાફરી કરી ત્યાં એક ગામના પાદરે ગામનું પંચ ઉતાવળે આવ્યું ને કહ્યું અમારા ગામના મઠપતિનું હમણાં જ અવસાન થયું છે. કોઇ ગાદી સંભાળે પછી જ બધી ક્રિયા થાય. મઠમાં સંપત્તિ ખૂબ છે તમારામાંથી એક આ જવાબદારી સ્વીકારો! એમાંથી એક સાધુ ત્યાં રોકાઇ ગયા.

ચાર આગળ જતા હતા. ત્યાં રાજા મળ્યો, કહ્યું - હું આ પ્રદેશનો રાજા છું, તેમાનાં એક સ્વરૂપવાન સાધુને કહે, તમે મારી પુત્રી માટે યોગ્ય જણાવ છો. મારે પુત્ર પણ નથી મારી પુત્રી સાથે લગ્ન કરી - રાજપાટની જવાબદારી સંભાળો.

.. બાકી રહ્યા ત્રણ.

જંગલમાંથી પસાર થતાં હતા. ત્યાં સ્વરૂપવાન વનદેવી મળે, ત્રણેને કુટિરમાં નિમંત્ર્યા, ભોજનપાન કરાવ્યાં, દક્ષિણા આપી, કહ્યું હું દૈવી શક્તિ ધરાવતી વનદેવી છું તમારામાંથી એક કોઇ સંસાર માંડે તો મને આનંદ થશે..

બાકી રહ્યા બે -

એક ગામમાં એક જ બૌદ્ધધર્મનું ઘર હતું. બધાને કોઇ 'ધર્મ પરિવર્તન' કરાવી નાખ્યું હતું. એક ધર્મરક્ષા માટે ત્યાં રોકાઇ ગયો.

માત્ર એક જ પોતાના ધ્યેય સુધી પહોંચ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

કૃષિ ઉપયોગી દવાઓ બનાવતી ફેકટરીઓ કયાં આવેલી છે?

ગુજરાતની ભૂગોળ

(૧) નીચેનામાંથી કયા સ્થળે ગરમ પાણીના ઝરા આવેલા છે?
(અ) આંતરસુંબા (બ) રતનમાલ
(ક) લસુંદ્રા (ડ) ડાકોર

(૨) ગુજરાતના કયા જિલ્લામાં માત્ર એક જ તાલુકો છે?
(અ) ગાંધીનગર (બ) ડાંગ
(ક) પંચમહાલ (ડ) વલસાડ

(૩) અટીરા કયા ઉદ્યોગના સંશોધન માટે સ્થાપવામાં આવેલ છે?
(અ) તમાકું (બ) લોખંડ
(ક) બોકસાઇડ (ડ) કાપડ

(૪) ગુજરાતમાં પશુસંવર્ધન કેન્દ્ર કયાં સ્થાપવામાં આવ્યું છે?
(અ) આણંદ (બ) નલિયા
(ક) જગુદણ (ડ) ડીસા

(૫) ગુજરાતના નિકાસ વ્યાપારમાં ખેતપેદાશો પછીનું સ્થાન કોનું છે?
(અ) બોકસાઇડ (બ) મીઠું
(ક) ચીરોડી (ડ) લોખંડ

(૬) નીચેનામાંથી કયો ડુંગર અરવલ્લી પર્વતમાળાનો એક ભાગ છે?
(અ) રાજપીંપળા (બ) બરડો
(ક) આરાસુર (ડ) પાવાગઢ

(૭) ગુજરાતનું કયું બંદર બારમાસી બંદર છે?
(અ) ભાવનગર (બ) પોરબંદર
(ક) વેરાવળ (ડ) નવલખી

(૮) ગુજરાતના કયા જિલ્લામાં ભેંસોની સંખ્યા સૌથી વધુ છે?
(અ) આણંદ (બ) મહેસાણા
(ક) કચ્છ (ડ) જૂનાગઢ

(૯) ભાવનગરના સાગરકિનારે કયાં પ્રકારના માછલાં જોવા મળે છે?
(અ) શાર્ક (બ) ડોલ્ફીન
(ક) ઝીંગા (ડ) વ્હેલ

(૧૦) કેન્દ્રશાસિત દીવ પ્રદેશનો ટાપુમય વિસ્તાર કયા જિલ્લાની દક્ષિણે આવેલો છે?
(અ) જૂનાગઢ (બ) નવસારી
(ક) પોરબંદર (ડ) ભાવનગર

(૧૧) રાસ્કાવિયર યોજના કઇ નદીનું પાણી લાવે છે?
(અ) નર્મદા (બ) સાબરમતી
(ક) તાપી (ડ) મહી

(૧૨) ફળોની ઉત્તમ જાતો અને વધુ ઉત્પાદન મેળવવા ખેતીમાં કઇ વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ થઇ રહ્યો છે?
(અ) એપી કલ્ચર (બ) ટિસ્યુ કલ્ચર
(ક) એકવા કલ્ચર (ડ) સિટી કલ્ચર

(૧૩) નીચેનામાંથી કયા સ્થળે સિરામીક ઉદ્યોગના કેન્દ્રો નથી?
(અ) થાન (બ) વાંકાનેર
(ક) મોરબી (ડ) ભાવનગર

(૧૪) કૃષિ ઉપયોગી દવાઓ બનાવતી ફેકટરીઓ કયાં આવેલી છે?
(અ) ઝઘડિયા (બ) ભરૂચ
(ક) વડોદરા (ડ) અંકલેશ્વર

(૧૫) નર્મદા જિલ્લામાં રીંછ માટેનું અભયારણ્ય કયાં આવેલું છે?
(અ) ડેડિયાપાડા (બ) અનમાલ
(ક) વાંસદા (ડ) દેવગઢ બારિયા

ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૨૭ ફેબ્રુ. ૧૯૨૬ ડેવિડ હન્ટર હબલ - કેનેડિયન-અમેરિકન ન્યુરોલોજીસ્ટ, ૧૯૮૧માં નોબલ પારિતોષિક વિજેતા
- ૨૭ ફેબ્રુ. ૧૯૧૦ કેલી જહોન્સન - અમેરીકન એરોનેટીકલ એન્જીનીયર, ૪૦ જેટલા એરોપ્લેનની ડિઝાઇન બનાવનાર
- ૨૮ ફેબ્રુ. ૧૯૫૪ જીન બોર્ગન - બેલ્જિયમ દેશના વતની અને ગણિતશાસ્ત્રી, ૧૯૯૪માં ગણિતશાસ્ત્રીનો ફિલ્ડ મેડલ જીતનાર
- ૨૮ ફેબ્રુ. ૧૯૪૮ સ્ટીવન ચુ - અમેરિકન ભૌતિકશાસ્ત્રી, લેસર લાઇટને લગતા સંશોધન બદલ ૧૯૯૭માં નોબલ પ્રાઇઝ મળ્યું
- ૧ માર્ચ ૧૯૨૮ સીમોર પાપેર્ટ - અમેરીકન કમ્પ્યુટર સાયન્ટીસ્ટ, કોમ્પ્યુટર પ્રોગ્રામીંગ લેન્ગવેજ સંબંધીત સંશોધન કરનાર
- ૧ માર્ચ ૧૯૧૫ ફ્રેડ એફ. સ્કેરર - અમેરીકન આર્ટીસ્ટ અને પર્યાવરણવિદ.
- ૨ માર્ચ ૧૯૧૩ જયોર્જ નિકોલોચીવ ફલેરોવ - સોવિયેટ ભૌતિક વિજ્ઞાની, ન્યુકલીયર ફ્યુઝન પર કામ કરનાર
- ૨ માર્ચ ૧૯૦૨ એડવર્ડ યુ કોન્ડોન - અમેરીકન ભૌતિક વૈજ્ઞાનિક, રડારના સંશોધનમાં વિશેષ ફાળો આપનાર
- ૩ માર્ચ ૧૯૫૬ ડેનિયલ ચોન્ગમ હોન્ગ - કોરિયન ભૌતિક શાસ્ત્રી અને 'ગ્રેન્યુલર ફળો' મોડેલ તૈયાર કરનાર
- ૩ માર્ચ ૧૯૧૮ અર્થર કોરનબર્ગ - અમેરીકન બાયોકેમીસ્ટ અને તબીબ, 'ડાય ઓક્સોરીબોન્યુરીક એસીડ' શોધ બદલ ૧૯૫૯માં નોબેલ પારિતોષિક મળ્યું હતું
- ૪ માર્ચ ૧૯૨૩ સર પેટ્રીક મુર - તેઓ ઇંગ્લીશ એમેચ્યોર એસ્ટ્રોનોટર હતા, બીબીસી ટીવી પર બ્રહ્માંડને લગતા કાર્યક્રમો આપનાર
- ૪ માર્ચ ૧૯૪૧ એલન બેકેટ - ઇંગ્લીશ એન્જીનીયર, ફલોટીંગ રોડવેઝ પર સંશોધન કરનાર
- ૫ માર્ચ ૧૯૩૪ ડેનિયલ કાહનેમ - અમેરીકન સાયકોલોજીસ્ટ, ૨૦૦૨માં નોબલ પારિતોષિક વિજેતા
- ૫ માર્ચ ૧૮૮૩ એમેટ જે. કુલીંગન - અમેરીકન વૈજ્ઞાનિક વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ કોની આગેવાની હેઠળ લડી હતી?

જવાબ - અજય માકન

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઇ દરજી : પેથાપુર
(૨) ઋજિત એમ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' - સે-૭
(૪) જયેન્દ્ર પાઠક : ઇન્ફોસિટી જુ. સાયન્સ કૉલેજ
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) નિમેષ એ. જરદોસ : સે-૨બી
(૭) દેવાંશ એન. જરદોસ : સે-૨બી
(૮) યુંગાધર એન. જરદોસ : સે-૨બી
(૯) ગોમતીબેન કનુભાઇ પરમાર : સે-૨ડી

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

બિહારના શરદ યાદવ કયા પક્ષના પ્રમુખ છે?

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

મ૯ (૫૬) ૬ (૨૬) ૬ (૯૬) મ૦ (૮૬) ૬ (૬૬)
મ૯ (૦૬) ૬ (૩) મ૦ (૭) મ૯ (૭) ૬ (૩) મ૦ (૫) મ૯ (૨) ૬ (૯) મ૦ (૮) ૬ (૬)

ડી.બી.ટી. સ્કીમ જરૂર છે?

સરકાર સસ્તા અનાજની દુકાન દ્વારા બીપીએલ લાભાર્થીને ૧૩ કિ.ગ્રા. ઘઉં અને ૧૨ કિ.ગ્રા ચોખા રાહત દરે લાભાર્થીને આપે છે. ફક્ત ૭૦ રૂપિયામાં ૨૫ કિ.ગ્રા. જેટલું અનાજ ગરીબના ઘરમાં દર મહિને જાય છે. જેમાં ઘરના સહુ આરામથી ગ્રહણ કરી શકે છે. ભૂખ્યા સુવાનો સમય નથી આવતો.

સરકાર દેશના બે-તૃતિયાંશ લોકોને ફૂડ સિક્યુરીટી હેઠળ આવરી લેવા માગે છે. અનાજના બજાર ભાવ અને રાહત ભાવ વચ્ચેનો તફાવત લાભકર્તાના ખાતામાં સીધો જમા કરાવવો તેને ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર (ટી.બી.ટી.) કહે છે.

સસ્તા અનાજની દુકાનમાંથી વ્યવસ્થિત અનાજ પ્રાપ્ત થાય તે જોવાની જવાબદારી સરકારની છે. તેમનું માનવું છે કે અનાજની ખરીદી, વિતરણ અને સંગ્રહ ને લગતો ખર્ચ આશરે ૨૫૦૦૦ કરોડ છે. તે બંધ કરી દર મહિને આશરે રૂપિયા ૫૦૦ રૂપિયા લાભાર્થીના ખાતામાં જમા થાય અને તે વ્યક્તિ બજારભાવથી અનાજ ખરીદી કરે.

રૂપિયા જમા થયા પછી બેંકમાંથી કોણ ઉપાડવા જાય અને પૂરેપૂરા પૈસા ઉપાડ્યા ફ્યી અનાજ ખરીદવા કેટલા વપરાય તે મહત્ત્વનું છે. બજાર ભાવ ખરીદી કરવામાં વ્યક્તિ ચાર પાંચ કિ.ગ્રાથી વધારે અનાજ ખરીદ નહી કરે અને પૈસા બાકીના ખર્ચમાં ઉપયોગ કરશે.

ચિંતન

- મિલિંદ ગુપ્તે

આના કારણે પ્રત્યેક ઘરમાં ભૂખમરો અને કુપોષણ ઊભો થશે.

બજારભાવથી ખરીદ કરવામાં ઉદાસીનતા દેખાડે એ સ્વાભાવિક છે. આ અનાજ જયારે ખુલ્લા બજારમાં વેચાશે તો આનો સંગ્રહ, વિતરણ કયાં થશે એ પણ મોટો સવાલ છે આપણી પાસે એટલા ગોડાઉન છે?

સરકાર અત્યારે પોતાની જાહેર વિતરણની દૂર કરવા માગે છે પણ ભારત જેવા દેશમાં જયાં ગરીબી રેખાની નીચે ૪૦ ટકાથી વધારે રહેતા હોય ત્યાં અનાજ પેટમાં જાય એ અગત્યનું છે. એક સાથે દર મહિને સબસીડીના પૈસા જમા કરાવવા પણ ચિંતાનો વિષય છે, અઘરો છે! બેંકો પહોંચી શકે એમ નથી.

ડી.બી.ટી.ના વિરોધમાં પ્રધાનમંત્રીને કાગળ લખ્યો હતો અને ૨૧/૧૧ના દિવસે ભારત સરકારના ઉપસચિવનો પત્ર મળેલ છે જેમાં આવી કોઇ સ્કીમ અમલમાં મુકવાની યોજના નથી તેમ જણાવેલ. પણ અત્યારે ફરીથી આ સમાચાર આવતા જરૂર ભીતી ઉત્પન્ન થાય છે.

સસ્તા અનાજનું વિતરણ વ્યવસ્થા વધારે સારી, યોગ્ય બનાવવા ઉપર ભાર મૂકવો જોઇએ નહીં કે સદંતર બંધ કરવા બાબત. ૨૦ રૂપિયે કિ.ગ્રા. ઘઉં તથા ૨૫ રૂપિયે કિ.ગ્રા ચોખા આ લાભાર્થી ખરીદી કરી શકે એમ બિલકુલ નથી. ભારતમાં અંધાધૂંધી ફેલાશે. ભારત સરકારને વિનંતી કે અત્યારે જે સિસ્ટમ છે તે વધારે સુદૃઢ બનાવે.

તરણું

કોણ,
ધોબી કે યોગી
સૌ
ઓળખી ગયું.
સીતાનો વનવાસ
ને
જસોદા ના આંસુ
જોઇ ગયું.
સંજયનું જૂઠ
ને
વિકર્ણ ની વાત
સૌ સમજી ગયું.
ઊંઘતા પવનમાં
દિલ્લી જાગી ગયું
રાવણ-દુર્યોધન નો
સંગમ
સૌ
ઓળખી ગયું
નિયતિ કે નિયત
ના ચકોમાં
તરણું
ડુંગરને ઢાંકી ગયું

- દશરથસિંહ વિ. ઝાલા.

લોકોમાં આગવી ઓળખ ઊભી કરવાનો ઢોંગ કરે છે - MBA (મને બધુ આવડે)

દરેક માણસ આજે પોતે સર્વગુણ સંપન્ન થવા માગે છે. ભલે ને તે પછી નાનો હોય કે મોટો. સમાજની અંદર પોતાનો રોફ અજમાવવાના ખોટા ઢોંગ કરી રહ્યો છે. અને પાછો કહેશે કે હું તો MBA (મને બધું આવડે)

દરેક માણસમાં ઇશ્વરે કંઇને કંઇ વિશેષતા ને તો બક્ષી છે અને એમનાં અનુસંધાને જ દરેક માણસમાં વિવિધતાઓ જોવા મળે છે. કેટલાક માણસો શાંત સ્વભાવના ત્યારે કેટલાક માણસો ઉગ્ર મિજાજના હોય છે. તો વળી કેટલાકને સતત બોલવાની ટેવ તો અમુક ને સાંભળવાની ટેવ હોય છે.

અમારી કોલેજમાં એક અમારા સૌરાષ્ટ્ર ગ્રુપમાં ભાઇ છે, ગમે તમે તે વિષય પર વાત શરૂ કરો એ ભાઇ તરત જ કુદી પડે અને એ વિષય પર તેમના નિષ્ણાંત અભિપ્રાયો આપવાનું શરૂ કરી દે. પછી એ ન જોવે કે આપેલ અભિપ્રાય સાચા છે કે ખોટા અને કોઇ ચુપ થવાનું કહે તો ત્યારે કહે તમને આ બધી ના ખબર પડે આ બધુ તો અમારા જેવા MBA (મને બધું આવડે) ને જ ખબર પડે. એટલે અમે એમનું ઉપનામ રાખ્યું છે Mr. MBA એટલે કે 'મને બધું આવડે.'

આ એક સરસ લટકણીયું છે MBA એ નો તો આમ અર્થ થાય મેનેજમેન્ટ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન પરંતુ જે લોકો આ ડિગ્રી કરીને બહાર આવે છે એ પોતાની જાતને માને છે મને બધુ આવડે.

ચર્ચાસભા

- હાર્દિક જે. સોરઠિયા

MBA થયેલ વ્યક્તિઓ પોતે માને છે કે આ ડિગ્રી એટલે એક વિશિષ્ટ ડિગ્રી અને વળી એમ.બી.બી.એસ, ડીડીએસ, એમએ, એન્જીનીયરીંગ અને બધી ડિગ્રીઓથી ચડિયાતી. એતો વળી એવું કહે છે કે આ ઉપરોક્ત ડિગ્રીઓ માત્ર તે જ ક્ષેત્રના નિષ્ણાંતની વાત કરે છે પણ જયારે 'એમબીએ' ની વાત કરો છો ત્યારે તમે બધા જ ક્ષેત્રોના નિષ્ણાંત છો એટલે કે ખબર હોય કે ના હોય 'મને બધુ આવડે'

તમે આ ઉક્તિ તો સાંભળી છે ને 'જેક ઓફ ઓલ બટ માસ્ટર ઓફ નન' પણ જયારે એમબીએની વાત આવે ત્યારે 'જેક ઓફ ઓલ' નહીં પણ 'માસ્ટર ઓફ ઓલ'ની વાત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો 'એમબીએ' ને 'એમઓએ' પણ કહેવાય.

સાથે તમે બીજી કહેવત પણ સાંભળી જ હશે 'અધુરો ઘડો છલકાય ઘણો' અમારા ખ્યાલ મુજબ તો ગુજરાતી કહેવત આવા ખોટા દંભ બતાવવા MBA વ્યક્તિ પર તો બંધબેસે જ. ખરું ને? 'મને ખબર નથી' એવું કહેવામાં કશું ખોટું નથી. 'મને બધી ખબર છે' એમ કહેવું અને એમ માનીને ચાલવું એ તંદુરસ્ત દૃષ્ટિબિંદુ નથી મનોવિજ્ઞાનની ભાષામાં આ દૃષ્ટિબિંદુની પાછળ કેટલાંક ભય અને બીક છુંપાયેલા છે.

દા.ત :
ખુલ્લા પડી જવાનો ભય
સ્વની છાપ બગડવાનો ભય
તરછોડવાનો ભય
અંદર ખાલીપણાનો ભય
સામાજિક માનહાનિનો ભય

'મને ખબર છે' એમ માનીને ચાલવું કે પછી 'મને ખબર નથી' એમ સ્વીકારવાથી ડરવું એ બાબત મારું મન સ્વીકારવાનું ના પાડી રહ્યું છે.

આટલું સાંભળયા પછી તો હું આવા દંભી અને અંજ્ઞાની MBA થયેલને એટલું જ કહીશ કે તમે સંનિષ્ઠતાથી સાંભળી યોગ્ય પુરતું જ બોલવાનો પ્રયત્ન કરો. નિષ્ણાંતીના ભ્રમથી સભાન રહી નિષ્ણાંત હોવા પહેલાં હું માણસ છું એવા સનિષ્ઠ પ્રયત્ન કરવાથી પ્રતિજ્ઞાઆ કરો કે હું અન્ય સાથે એક માણસ તરીકે વર્તીશ એક નિષ્ણાંતી તરીકે નહીં 'મને બધુ આવડે' એ કેવું મૂર્ખામી ભર્યું વિધાન છે? ખરું ને?

કોકિલા સિનિયર્સ સાથે ચાર ધામની યાત્રાએ આવી હતી, ગંગામાં સ્નાન કરી જેવી ઘાટ પર આવી કે એની નજર ઘાટ પર સમાધિમાં વ્યગ્ર એક સાધુ પર પડી, એ તો આંખો બંધ કરી જાપ જપતો હતો, પણ કોકિલા મુગ્ધ બની એ તાકી રહી

કોકિલા સિનિયર્સ સાથે ચાર ધામની યાત્રાએ આવી હતી. ગંગામાં સ્નાન કરી જેવી ઘાટ પર આવી કે એની નજર ઘાટ પર સમાધિમાં વ્યગ્ર એક સાધુ પર પડી. એ તો આંખો બંધ કરી જાપ જપતો હતો. પણ કોકિલા મુગ્ધ બની એ તાકી રહી. એના ગાલ પરનો મસો મોટો થયો હતો. કપાળ પર અને ગાલ પર કરચલીઓ વધી ગઇ હતી. કશું જ વિચાર્યા વિના એ એકદમ એની પાસે દોડી ગઇ. એને દંડવત પ્રણામ કરી બોલી, "નમસ્કાર સ્વામીજી, તમારી એકાગ્રતામાં ભંગ કરવા બદલ મને માફ કરજો. દસ દસ વર્ષથી જેને શોધી રહી છું એને આમ અચાનક જોતા હું મન પર કાબૂ ન રાખી શકી. આંખો ખોલી જરા નજર તો મિલાવો અને આ મીનપિયાસીના હૈયાને જરા ઓળખવા પ્રયત્ન કરો."

અવાજ જાણીતો લાગતા હરિદાસે આંખો ખોલી. સામે કોકિલા ને જોતાં એ આશ્ચર્યમાં મુકાઇ ગયા. મન પર કાબૂ રાખી બોલ્યા, "હે સન્નારી, દોડી આવી. એણે એની એક કિડનીનું દાન કર્યું. વીસ દિવસમાં તો મનહર જાણે કોઇ દર્દ જ નથી એમ ફરતો થઇ ગયો. એણે કેલીના બે હાથ પકડી કહ્યું, "બેટી તું અમારી વહુ નહિ સાચે જ દીકરી છે. જુગ જુગ જીવો દીકરી, વહુ તો આવી હજો."

સેવાશ્રમ

- જય ગજ્જર

આશાને તો એના પગ પૂજવાનું મન થયું. પણ એટલું જ બોલી, "એક કેલી અને એક શોભના. એકે સસરાને નવું જીવન આપ્યું અને એક સઘળું લૂંટી મારા દીકરાને ભરખી ગઇ. હે પ્રભુ, તારા સંસારની લીલા કેવી અપાર છે!"

"આશા, કુદરતની કરિશ્મા છે! એક જ ઘરમાં એક વહુનાં પગલા પુનિત બની રહે છે અને એક વહુનાં પગલાં શાપિત બની રહે છે."

સુખદુ:ખની ઘટમાળના વિચારોમાં સાંજ પડતાં સૂવાને ટાણે નિકી આવી.

"દાદા, વીસ દિવસથી મને વાર્તા કહેનાર કોઇ નહોતું. આજે તમે આવી ગયા એનો મને આનંદ છે!"

મનહરે નિકીના માથે હાથ ફેરવતાં હસીને કહ્યું, "જા આજ તારી મમ્મીને આપણા બધા વતી 'થેંક્સ' કહી આવ એણે જેમને નવું જીવન બક્ષ્યુ છે."

નિકીએ દોડતા દોડતાં કેલી પાસે જઇને દાદાના થેંક્સનો સંદેશો પહોંચાડ્યો.

કેલીએ નિકીનો બરડો થાબડી કહ્યું, "દાદાને કહેંજે કે બાપે દીકરીનો આભાર માનવાનો ન હોય."

નિકી દાદા પાસે પાછી આવી બોલી, "દાદા, મમ્મી કહે છે કે બાપે દીકરીનો આભાર માનવાનો ન હોય. સારું હવે આ જ મને તમારા મનની વાત કહો. મમ્મી કહે છે કે ભારત મહાન દેશ છે... હવે તમે અહીં જ રહેવાના કે એ મહાન દેશનાં પાછા જતા રહેવાનાં?"

સામે લટકતાં બા-બાપુજીના ફોટા સામે જોઇ જવાબ શોધી રહ્યાં.